# પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના
## સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP)
## (જનરલ SOP સાથે વાંચવાનું રહેશે)

---

વિકસતી જાતિ તથા અનુસૂચિત જાતિના ઘર વિહોણા અરજદારોને રહેણાંકના હેતુ માટે મકાન બાંધવા સહાય આપવા માટે અનુક્રમે પંડિત દિનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના અને ડાૅ. આંબેડકર આવાસ યોજના અમલમાં છે જેની સ્ટાન્ડર્ડ ઓપરેટીંગ પ્રોસીજર (SOP) નીચે મુજબની રહેશે.

૧. આ યોજનાનો અમલ ઇ-સમાજ કલ્યાણ પોર્ટલ પરથી ઓનલાઇન થશે.

૨. સામાન્યતઃ વહીવટી મંજૂરી મળતા જ ૧૫ દિવસમાં ડાયરેકટરેટ ધ્વારા જાહેરાત આપવામાં આવશે. ડાયરેકટરેટ ધ્વારા આપવામાં આવેલ જાહેરાતમાં નિર્ધારીત કરેલ સમય અથવા નાણાંકીય જોગવાઇ સિધ્ધ થાય ત્યાં સુધી અથવા લક્ષ્યાંક સિધ્ધ થાય ત્યાસુધી અરજીઓ ONLINE સ્વીકારવામાં આવશે.

૩. અનુસૂચિત જાતિ કલ્યાણના અરજદારો માટે અરજી મંજુરી માટે પસંદગીનો ક્રમ નીચે મુજબ રહેશે. (૧) વિધવા (૨) ત્યકતા (૩) દિવ્યાંગ (વિકલાંગ) (૪) અતિ પછાત જાતિ (૫) અન્ય નિયત આવક મર્યાદા ધરાવતા લાભાર્થી.

૩.અ. વિકસતી જાતિ કલ્યાણના અરજદારો માટે અરજી મંજુરી માટે પસંદગીનો ક્રમ નીચે મુજબ રહેશે. (૧) વિધવા (૨) ત્યકતા (૩) દિવ્યાંગ (વિકલાંગ) (૪) વિચરતી વિમુકતી જાતિ (૫) અતિ પછાત (૬) વધુ પછાત જાતિ,(૭) અન્ય નિયત આવક મર્યાદા ધરાવતા લાભાર્થી.

૪. અરજદારે ID નંબર અને પાસવર્ડના આધારે લોગઈન કરી યોજના સીલેકટ કરી તેના અરજી પત્રકો ભરવાના રહેશે તથા જરૂરી આધાર / પુરાવા અપલોડ કરી, અરજી પત્રકો સબમીટ કરવાના રહેશે.

૫. જે પાત્રતા ધરાવતા અરજદારને લાભ ન મળ્યો હોય તે અરજદાર બીજા વર્ષે સમયમર્યાદામાં હોય તો ફરીથી અરજી કરી શકે છે.

૬. આ યોજનાનો ફલો ચાર્ટ નીચે મુજબ છે.

૧. અઠવાડીયા દરમિયાન આવેલ અરજી માટે ઓછામાં ઓછો કોઇ એક દિવસ નક્કી કરી તે દિવસે અરજદારશ્રી ધ્વારા આવેલ અરજી તાલુકા નિરીક્ષકના લોગઇનમાં ખુલશે. નિરીક્ષક તે અરજીઓ ચકાસી યોગ્ય જણાય તો જિલ્લામાં આ યોજનાનું કામ સંભાળતા કર્મચારીને ફોરવર્ડ કરશે. અન્યથા જરૂરી પૂર્તતા મંગાવશે અને દિન-૧૫માં પૂર્તતા પૂર્ણ કરશે.

૨. જિલ્લા કચેરીએ અઠવાડીયામાં એક કે બે દિવસ ફરજીયાત અરજી જોવામાં આવે, જિલ્લામાં યોજનાનું કામ સંભાળતા કર્મચારીને નિરીક્ષક તરફથી આવેલ અરજીઓ ચકાસી યોગ્ય રીમાર્કસ સાથે અધિકારીને ફોરવર્ડ કરશે.

૩. અઠવાડીયામાં એક કે બે દિવસ જિલ્લાધિકારી આ રીતે મળેલ અરજીઓ મંજૂર / નામંજૂર કરશે.

૪. ના મંજૂર કરેલ અરજીઓની કારણ સહિત અરજદારને જાણ કરવામાં આવશે. મંજુર થયેલ અરજીનો ડ્રો કરવામાં આવશે ડ્રોમાં પસંદ થયેલ લાભાર્થીની યાદી તૈયાર કરી બીલ બનાવી તિજોરીમાં પ્રથમ હપ્તા માટે એક માસમાં રજૂ કરવામાં આવશે. જો એક જ માસમાં બીલો તીજોરી કચેરીમાં મોકલવામાં ન આવે તો તેવી અરજીઓ રાજ્યકક્ષાએ આપોઆપ જ રજુ થશે અને જે રાજ્ય કક્ષાએથી નિયામકશ્રી કક્ષાએથી પૃચ્છા મેળવી અરજી પરત કરવાની રહેશે.

૫. જિલ્લા તિજોરી કચેરી બીલ મંજૂર થયેથી સંબંધિત લાભાર્થીઓના ખાતામાં DBT થી પ્રથમ હપ્તાની રકમ જમા કરવામાં આવશે. જેની જાણ સંબંધિત લાભાર્થીને SMS / E-Mail / ટપાલ દ્વારા કરવામાં આવશે.

૬. બીજા હપ્તા અને ત્રીજા હપ્તાની રકમ માટે નિમૂનાના ફોર્મમાં આધાર-પુરાવા મુજબ બાંધકામ થયા ના પુરાવા ઓનલાઇન રજુ કરીયે થી એકમાસમાં સમાજ

કલ્યાણ નિરીક્ષક દ્વારા ચકાસણી કરાવવાની રહેશે યોગ્ય જણાયે વિગતો જિલ્લા અધિકારીશ્રીને મોકલશે અને જિલ્લા અધિકારીશ્રી મંજૂર કે નામંજૂરી અર્થે જિલ્લાઅધિકારીશ્રીને ઓનલાઇન મોકલશે. જિલ્લા અધિકારીશ્રી મંજૂર કે નામંજૂર કરશે. બીલ બનાવી તિજોરીમાં બીજા / ત્રીજા હપ્તા માટે એક માસમાં રજૂ કરવામાં આવશે.

૭. જિલ્લા તિજોરી કચેરી બીલ મંજૂર થયેથી સબંધિત લાભાર્થીઓના ખાતામાં DBT થી પ્રથમ હપ્તાની રકમ જમા કરવામાં આવશે. જેની જાણ સંબંધિત લાભાર્થીને SMS / E-Mail / ટપાલ દ્વારા કરવામાં આવશે.

૮. આ અંગે કોઈ ફરીયાદ કે રજુઆત કરવા માંગતા હોય તો જિલ્લાધિકારીને સીધી રજુઆત કરવાની રહેશે. જિલ્લાધિકારીએ રજુઆતની સત્યતા ચકાસી, નિયમોનુસાર કાર્યવાહી કરી, જરૂર જણાયે નિયામકશ્રીને સ્વયંસ્પષ્ટ અભિપ્રાયસહ અહેવાલ રજુ કરવાનો રહેશે.